# કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ ( મહિલા વીંગ) ની કચેરી

## બ્લોક નં-૨૦, ભોયતળીયે, જુના સચિવાલય, ગાંધીનગર

## <u>જાહેર ખબર</u>

## <u>નવી વર્કિંગ વુમન હોસ્ટેલ શરૂ કરવા બાબત.</u>

રાજ્યમાં કામ કરતી મહિલાઓ એકલી, વિધવા નિરાધાર, ત્યક્તા, છૂટાછેડા લીધેલી, જુદી રહેતી પરીણિત પરંતુ તેના પતિ કે અન્ય નજીકનાં પરિવાર તે જ નગર/વિસ્તારમાં ન રહેતાં હોય તેવી જરૂરીયાતમંદ, વંચિત વર્ગની મહિલાઓને માટે નીચે દર્શાવેલ ૧થી ૨૦ જિલ્લામાં વર્કીંગ વુમન હોસ્ટેલ શરૂ કરવા માટે રાજ્યની પ્રતિષ્ઠિત, આર્થિક રીતે સક્ષમ સામાજિક / સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવે છે. ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓ, યોગ્યતાના માપદંડો મુજબ દરખાસ્ત તૈયાર કરી સંસ્થા જે જિલ્લામાં વર્કિંગ વુમન હોસ્ટેલ શરૂ કરવા <u>માંગતા હોય</u> તે જિલ્લાના દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રીને જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં પાંચ નકલ અંગ્રેજીમાં તૈયાર કરી દરખાસ્ત મોકલી આપવાની રહેશે. વર્કિંગ વુમન હોસ્ટેલ યોજનાની માર્ગદર્શક સુચનાઓ યોગ્યતાના માપદંડો મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબ સાઈટ http://wcd.gujarat.gov.in પરથી ડાઉન લોડ કરી શકાશે.

| ક્રમ | જિલ્લાનું નામ | ક્રમ | જિલ્લાનું નામ | ક્રમ | જિલ્લાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૮ | મહિસાગર | ૧૫ | વલસાડ |
| ૨ | આણંદ | ૯ | નવસારી | ૧૬ | તાપી |
| ૩ | ખેડા | ૧૦ | સુરેન્દ્રનગર | ૧૭ | નર્મદા |
| ૪ | ડાંગ | ૧૧ | બોટાદ | ૧૮ | છોટા ઉદેપુર |
| ૫ | પોરબંદર | ૧૨ | મોરબી | ૧૯ | ભરૂચ |
| ૬ | અરવલ્લી | ૧૩ | દેવભૂમી દ્વારકા | ૨૦ | દાહોદ |
| ૭ | ગીર સોમનાથ | ૧૪ | સાબરકાંઠા | | |

**<u>નોંધ:-</u>** ૧. જાહેરાતની છેલ્લી તારીખ પછીની અને લાયકાત ન ધરાવતી દરખાસ્તો જે મળશે તે આપોઆપ રદ ગણાશે.

૨. ઉક્ત કોઈ પણ મથકની દરખાસ્ત આર.પી.એડી./સ્પીડ પોસ્ટ થી મોકલવાની રહેશે રૂબરૂ સ્વીકારમાં આવશે નહી.

૩. સ્વૈ.સંસ્થાઓને દરેક જિલ્લા માટે અલગથી દરખાસ્ત કરવાની રહેશે.

**અધિક કમિશ્નર**
**મહિલા અને બાળ વિકાસ**
**ગાંધીનગર**